

મારી મમ્મીને અનુવાદ કરતી જોઈ મને પણ અનુવાદ કરવાનું મન થયું. વાર્તાની ચોપડીઓ જોતાં મને લાગ્યું કે હું પણ અનુવાદ કરી શકીશ અને મેં કાગળ પેન હાથમાં લઈ લીધાં.

હું અગિયાર વર્ષનો છું. હું શાળાએ ક્યારેય ગયો નથી. મારી મેળે ઘેર જ અભ્યાસ કરું છું. મને જુદી જુદી ભાષાઓ શીખવાનું ગમે છે. ઉડિયા, બંગાળી અને પંજાબીનો કક્કો શીખવાનું શરૂ કર્યું છે!

સર્જનાત્મક પ્રવૃત્તિ અને વિજ્ઞાનના પ્રયોગો કરવાનું મને ગમે છે. તબલા, હારમોનીયમ, સ્કેટિંગ, સ્વીમીંગ વગેરે શીખું છું. જંગલમાં ભ્રમણ કરવું ગમે છે.

ક્રિકેટ, બેડમીંટન, ટેબલટેનીસ, ચેસ, કેરમ વગેરે રમતોમાં મને મઝા પડે છે.

હું એક હસ્તલિખિત બાળ સામયિક "ફૂલઝર"નું સંપાદન પણ કરું છું — જે મારા ૭૦ દોસ્તો સુધી પહોંચે છે.

ગૂજરાત વિદ્યાપીઠના બાળ પુસ્તકાલયના સભ્ય થયા પછી મને ત્યાંથી અમારી પાસે ન હોય તેવા પુસ્તકો લાવીને વાંચવાની ખૂબ મઝા પડે છે. લાયબ્રેરીમાં અમારે લાયક જુદા જુદા વિષયના અનેક પુસ્તકો છે. લાયબ્રેરીના કબાટ જોતાં મને થાય છે કે આ બધા પુસ્તકો હું ક્યારે વાંચી રહીશ ?

મારું સરનામું છે :

૯-૯-૯૯

રુચિર,
જીવનતીર્થ, જૂના કોબા,
ગાંધીનગર-૩૮૨ ૦૦૯

હાલ મેં નીચેની ચાર ચોપડીઓનો અનુવાદ કર્યો છે :
છુપાયેલું રહસ્ય, સ્વાર્થી રાક્ષસ, મીશ્કાની થૂલી અને બિલાડીઓની જાન.

# છુપાયેલું રહસ્ય

## ક્વેંટીન રેનાલ્ડ

રજૂઆત : અરવિંદ ગુપ્તા ○ અનુવાદ : રુચિર



શિશુ મિલાપ - વડોદરા

છુપાયેલું રહસ્ય : ક્વેંટીન રેનાલ્ડ

**Chhupayelun Rahasya:**

**Quentin Reynold**

રજૂઆત : અરવિંદ ગુપ્તા

અનુવાદ : રુચિર

સર્વાધિકાર સુરક્ષિત

ભારત જ્ઞાન વિજ્ઞાન સમિતિ

પુસ્તકમાળાના સંપાદક : અરવિન્દ ગુપ્તા

કાર્યકારી સંપાદક : સંજય કુમાર

રેખાંકન : અવિનાશ દેશપાંડે

લેસર ગ્રાફિક્સ : અક્ષર નિર્માણ, અમદાવાદ

મુદ્રક : હિંગળાજ પ્રિન્ટર્સ, અમદાવાદ

પ્રકાશન : સપ્ટેમ્બર ૧૯૯૯

કિંમત : ૫.૦૦ રૂપિયા

**પ્રકાશક :**

શિશુ મિલાપ,

૧ શ્રી હરી એપાર્ટમેન્ટ,

એક્ષપ્રેસ હોટલ પાછળ,

અલકાપુરી, વડોદરા- ૩૯૦૦૦૭

ફોન : ૦૨૬૫-૩૪૨૫૩૯

આ ચોપડીનું હિન્દીમાં પ્રકાશન ભારત જ્ઞાન વિજ્ઞાન સમિતિ દ્વારા 'રાષ્ટ્રીય સાક્ષરતા મિશન'ના સહયોગથી થયેલું.

'જન વાચન આંદોલન' હેઠળ પ્રકાશિત આ ચોપડીઓનો હેતુ ગામડાંના લોકો અને બાળકોમાં વાંચવા-લખવામાં રસ પેદા કરવાનો છે.

# છુપાયેલું રહસ્ય



ક્વેંટીન રેનાલ્ડ

રજૂઆત : અરવિંદ ગુપ્તા ૦ અનુવાદ : રુચિર

# છુપાયેલું રહસ્ય

કેનેડામાં મૉન્ટ્રિયલ નામનું મોટું શહેર છે. ત્યાં કેટલીયે નાની-મોટી શેરીઓ છે. એમાંની એક છે : એડવર્ડ સ્ટ્રીટ. આ શેરીને પિયરે જેટલી સારી રીતે જાણતો હતો તેટલું કોઈ નહોતું જાણતું. તેનું એક કારણ હતું. છેલ્લા ત્રીસ વરસથી પિયરે એ શેરીમાં વસેલા બધા પરિવારોને દૂધ આપતો હતો.

છેલ્લા પંદર વરસથી પિયરેની દૂધગાડીને એક મોટો સફેદ ઘોડો ખેંચતો હતો. ઘોડાનું નામ જોજફ હતું. શરૂઆતમાં જ્યારે એ ઘોડો દૂધ મંડળી પાસે આવ્યો ત્યારે એનું કોઈ નામ નહોતું. મંડળીએ પિયરેને સફેદ ઘોડો વાપરવાની રજા આપી. પિયરે એ પ્રેમથી ઘોડાની ગરદન પર હાથ ફેરવ્યો અને એની આંખોમાં જોયું.





'આ એક સમજદાર, ભલો અને વફાદાર ઘોડો છે' પિયરેએ કહ્યુ, 'હું એનું નામ સંત જોજફના નામ ઉપરથી રાખીશ. કારણ કે તે એક નેક અને દયાળુ માણસ હતા.'

એક વરસની અંદર જ ઘોડાએ સડકનો આખો નકશો યાદ રાખી લીધો. પિયરે હંમેશા બડાઈ મારતો, 'હું તો લગામને અડતો જ નથી ને! મારા ઘોડાને તો લગામની જરૂર જ નથી પડતી.'

રોજ વહેલી સવારે પાંચ વાગ્યામાં જ પિયરે દૂધ મંડળીમાં પહોંચી જતો. પછી ગાડીમાં દૂધ મુકી દેવાતું અને તે જોજફ ખેંચતો. પિયરે પોતાની સીટ પર બેસતાં જ જોજફને પુચકારતો એટલે ઘોડો પોતાનું મોં એની તરફ ફેરવતો. આસપાસના બીજા ઘોડાવાળા કહેતા, "બધું જ બરાબર છે પિયરે, જાવ." ત્યાર બાદ પિયરે અને જોજફ આરામથી સડક પર નીકળી જતા.



પિયરેના ઈશારા વગર જ ગાડી પોતાની મેળે એડવર્ડ શેરી પહોંચી જતી. પછી ઘોડો પહેલા ઘર પાસે રોકાતો અને પિયરે નીચે ઉતરી દરવાજા પાસે એક બોટલ દૂધ રાખવા જતો, અને અડધી મિનિટનો સમય આપતો. ઘોડો પછી બીજા ઘર પાસે રોકાતો.

આ રીતે પિયરે અને ઘોડો આખી એડવર્ડ શેરીની લંબાઈ પાર કરતા. પછી ગાડી ફેરવીને બંને પાછા ફરતા. ખરેખર જોજફ બહુ હોંશિયાર ઘોડો હતો.

તબેલામાં પિયરે જોજફના વખાણ કરતા ન થાકતો. 'હું ક્યારેય એની લગામ અડતો નથી. ક્યાં ક્યાં રોકાવાનું છે એ તે સારી રીતે જાણે છે. જો જોજફ ઘોડાગાડી ખેંચતો હોય, તો મારી જગ્યાએ કોઈ આંધળો માણસ હોય તો પણ કામ ચાલી જાય.'



વરસો સુધી આ ક્રમ ચાલતો રહ્યો. પિયરે અને જોજફ ધીરે ધીરે ઘરડા થવા લાગ્યા. પિયરેની મૂછ હવે પાકીને ધોળી થઈ ગઈ હતી. જોજફ પણ હવે પોતાના ગોઠણને બહુ ઉંચા કરી શકતો નહોતો. તબેલાના સુપરવાઈઝર જૈકને તેમના ઘડપણની ત્યારે ખબર પડી જ્યારે એક દિવસ પિયરે લાકડીના ટેકે ચાલતો ચાલતો આવ્યો.

"શું વાત છે પિયરે," જૈકે હસીને પૂછ્યું, "શું તારા પગમાં કાંઈ દુ:ખાવો છે?" 'હા, જૈક,' પિયરે એ જવાબ આપ્યો, 'હવે હું ઘરડો થઈ ગયો છું અને પગમાં દુ:ખાવો પણ શરૂ થઈ ગયો છે.'

"બસ, તો તું તારા ઘોડાને દરવાજા પર દૂધની બોટલ રાખવાનું શીખવાડી દે, બાકી બધું કામ તો તે કરે જ છે !" જૈકે કહ્યું.

એડવર્ડ શેરીમાં વસતા બધા ચાલીશે પરિવારોને પિયરે સારી રીતે જાણતો હતો. ઘરના નોકરોને ખબર હતી કે પિયરે વાંચી-લખી નથી શકતો. એટલે તેઓ એના માટે કોઈ ચિઠ્ઠી લખીને મુકતા. જો ક્યારેક દૂધની વધારે બોટલની જરૂર હોય, તો ઘોડાગાડીનો અવાજ સાંભળીને જ તે દૂરથી બૂમ પાડતા, "પિયરે, આજે એક બોટલ વધારે આપજે."

પિયરેની યાદશક્તિ ઘણી સારી હતી. પાછા તબેલા પર પહોંચીને ભૂલ કર્યા વગર જૈકને દૂધનો બધો હિસાબ આપી દેતો. જૈક પોતાની ડાયરીમાં તરત હિસાબ લખી લેતો હતો.

એક દિવસ દૂધ મંડળીના મેનેજર સવારમાં તબેલામાં તપાસ કરવા પહોંચ્યા. જૈકે પિયરેની તરફ ઈશારો કરીને મેનેજરને કહ્યું, "જરા જૂઓ તો ! પિયરે કેવી રીતે પોતાના ઘોડા સાથે વાત કરે છે. અને ઘોડો પણ કેટલા પ્રેમથી પોતાનું મોઢું ફેરવીને પિયરેની વાત સાંભળી રહ્યો છે. જરા ઘોડાની આંખની ચમક તો જૂઓ ! મને

લાગે છે કે આ બંનેની બહુ પાકી દોસ્તી છે. કોઈ રહસ્યને તો બસ એ બે જણા જ જાણે છે.

ક્યારેક - ક્યારેક તો એવું લાગે છે કે જાણે તે બંને આપણા પર હસી રહ્યા છે. પિયરે ભલો માણસ છે, પણ તે બિચારો હવે ઘરડો થઈ રહ્યો છે. શું હું તમને વિનંતિ કરું કે તમે એને નિવૃત્ત કરી દો અને તેનું પેંશન બાંધી દો?" તેણે ઉત્સુકતાથી પૂછ્યું.

'વાત તો તારી સાચી છે,' મેનેજરે કહ્યું, 'પિયરે પોતાનું કામ ત્રીસ વરસથી કરી રહ્યો છે અને ક્યારેય ક્યાંયથી કોઈ ફરિયાદ નથી આવી. એને કહો કે હવે તે ઘરે બેસી આરામ કરે. એને દર મહિને પૂરો પગાર મળતો જ રહેશે.'

પરંતુ પિયરેએ નિવૃત્ત થવાની ના પાડી દીધી. એને એ વાતનો મોટો આઘાત લાગ્યો કે તે પોતાના પ્યારા ઘોડા જોજફને રોજ નહીં મળી શકે. 'અમે બંને હવે ઘરડા થઈ રહ્યા છીએ.' એણે જૈકને કહ્યું 'અમે બંને જો એક સાથે જ નિવૃત્ત થઈએ તો સારુ રહેશે. હું તમને વચન આપું છું કે જ્યારે મારો ઘોડો નિવૃત્ત થશે ત્યારે હું પણ કામ છોડી દઈશ.'

જૈક એક ભલો માણસ હતો. તે પિયરેની વાત સમજી ગયો. પિયરે અને જોજફની વચ્ચે સંબંધ જ કાંઈક એવો હતો કે જેને જોઈને દુનિયાને હસવું આવે. એવું લાગતું હતું કે જાણે બંનેને એક બીજાનો સહારો હોય. જ્યારે પિયરે ગાડીની સીટ ઉપર બેઠો હોય અને જોજફ ગાડી ખેંચી રહ્યો હોય, ત્યારે બંનેમાંથી કોઈ પણ ઘરડા નહોતા લાગતા. પરંતુ કામ ખતમ થયા પછી પિયરે લંગડાતો લંગડાતો સડક પર એવી રીતે ધીમે ધીમે ચાલતો, જાણે કે તે ઘણો ઘરડો માણસ હોય આ તરફ ઘોડો પણ થાકી જતો. તે હારેલો - થાકેલો તબેલામાં પાછો જતો.





એક દિવસ સવારે પિયરે જ્યારે આવ્યો ત્યારે જૈકે તેને એક બહુ જ ખરાબ સમાચાર સંભળાવ્યા. "પિયરે આજે સવારે જોજૂફ ઉઠ્યો જ નથી. તે ઘણો ઘરડો થઈ ગયો હતો. ૨૫ વરસે ઘોડાની એવી જ હાલત થઈ જાય છે જેવી ૭૫ વરસના ઘરડા માણસની હોય."

'હા' પિયરેએ ધીમેથી કહ્યું 'મારી ઉંમર હવે પંચોતેર વરસની છે. હું હવે જોજફને ક્યારેય નહીં જોઈ શકું.'

"ના, તમે તેને જોઈ શકશો," જૈકે આશ્વાસન આપતા કહ્યું, "તે હજી તબેલામાં છે અને તેના ચહેરા પર બહુ શાંતિ છે. તમે ત્યાં જઈ તેને જોઈ લો."

પિયરે ઘરે જવા માટે પાછો વળ્યો, 'તને નહીં સમજાય જૈક.' જૈકે તેનો ખભો થપથપાવ્યો. "ફિકર ન કર. અમે તારા માટે જોજફ જેવો જ એક બીજો ઘોડો શોધી આપીશું. અને એક મહિનામાં તું જોજફની જેમ તેને પણ આખો રસ્તો શીખવાડી દે જે.



બરાબરને !"

પિયરે વરસોથી એક મોટી ટોપી પહેરતો હતો. ટોપીની છાજલીથી તેની આંખો લગભગ ઢંકાઈ જતી હતી. જ્યારે જૈકે પિયરેની આંખોમાં જોયું તો તે ડઘાઈ ગયો. એને તેની આંખોમાં એક નિર્જીવ ભાવ દેખાયો. પિયરેની આંખોમાં તેના દિલનું દર્દ દેખાતું હતું. એવું લાગતું હતું કે જાણે તેનું દિલ રડી રહ્યું હોય.

"આજે રજા લઈ લે પિયરે," જૈકે કહ્યું. પરંતુ પિયરે એની પહેલાં જ ઘરે જવા ચાલતો થઈ ગયો હતો. જો કોઈ એની પાસે હોત તો તેને અવશ્ય પિયરેની આંખોમાંથી પડતાં આંસુ અને તેના ધ્રુસકાં સાંભળાત. પિયરે રસ્તો પાર કરી એક સીધી સડક પર આવ્યો. બીજી તરફથી ઝડપથી આવતા ટ્રકના ડ્રાઈવરે જોરથી હોર્ન



વગાડ્યું અને જોરથી બ્રેક મારી, પરંતુ પિયરેને કશું જ સંભળાયું નહીં.

પાંચ મિનિટ બાદ એમ્બ્યુલન્સ આવી. તેના ડ્રાઈવરે કહ્યું , "આ માણસ મરી ગયો છે."

ત્યાં સુધીમાં જૈક અને દૂધ કંપનીના કેટલાય લોકો ત્યાં આવી ગયા અને પિયરેના મરેલા શરીરને જોવા લાગ્યા.

ટ્રકના ડ્રાયવરે ગુસ્સામાં કહ્યું, "આ માણસ જાણી જોઈને ટ્રકની સામે આવી ગયો. કદાચ તેણે ટ્રક જોઈ જ નહીં હોય. તે ટ્રકની સામે એવી રીતે આવ્યો જાણે કે તેને કશું દેખાતું ન હોય, જાણે કે તે એકદમ આંધળો હોય."



એમ્બ્યુલન્સના ડૉક્ટર હવે લાશની તરફ નમ્યા. 'આંધળો ! આ માણસ તો ખરેખર આંધળો હતો! જરા તેની આંખોનો મોતીયો તો જુઓ ! આ ઓછામાં ઓછા પાંચ વર્ષથી આંધળો હશે!' પછી તેણે જૈકની તરફ ફરીને કહ્યું, 'તમે કહો છો કે આ માણસ તમારે ત્યાં કામ કરતો હતો ? તમને ખબર નહોતી કે તે આંધળો હતો ?'

"ના. ના." જૈકે ધીમેથી કહ્યું, "આ રહસ્ય અમારામાંથી કોઈને ખબર નહોતી. ફક્ત એના દોસ્ત જોજફને જ ખબર હતી... આ તો એ બંનેની ખાનગી વાત હતી. ફક્ત... એ બંને વચ્ચેની !"





# ઘોડીઓ

એક વખત ઘોડાનો એક સોદાગર પૂના આવ્યો. એ પોતાની સાથે બે અરબી ઘોડી લાવ્યો હતો. બંને ઘોડીઓ અત્યંત ખૂબસૂરત હતી. દોડમાં એને કોઈ હરાવી શકતું નહોતું.

બંને ઘોડીઓ દેખાવમાં બિલકુલ એક સરખી હતી. એવું લાગતું હતું કે વટાણાની એક જ ફળીના બે દાણા છે. દેશના આ ભાગમાં આવા સારા જાનવર ક્યારેય જોવા મળતા નહોતા.

કેટલાય લોકો એ ઘોડીઓને ખરીદવા માગતા હતા. 'આજે ભાવ બોલો.' કેટલાય ખરીદવાવાળાએ એ સોદાગરને કહ્યું. સારી ઓલાદની ઘોડીઓને માટે લોકો ઊંચી ઊંચી કિંમત બોલવા લાગ્યા. પરંતુ સોદાગર એમને વેચવા માટે નહોતો લાવ્યો.તે એને પૂનાના શાસક બાજીરાવ પેશવાને ભેટ આપવા માગતો હતો. પરંતુ એક શરત પર.



ખરેખર બને ઘોડીઓ મા અને બેટી હતી. પરંતુ જોવામાં બંને બિલકુલ એક સરખી લાગતી હતી. એ કહેવાનું મુશ્કેલ હતું કે કોણ મા છે અને કોણ બેટી.

'હું એક સહેલો સવાલ પૂછું છું.' સોદાગરે કહ્યું. 'આમાં કોણ મા છે અને કોણ બેટી ?'

જવાબ સહેલો ન હતો. બંનેની એક સરખી ઉંચાઈ, એક સરખી ચાલ અને એક સરખી આંખો.

'મેં પૂનાના દરબારના ખૂબ વખાણ સાંભળ્યા છે.' સોદાગરે મલકાઈને કહ્યું. 'હું એની ખતરી કરવા આવ્યો છું. જો તમે બંને ઘોડીઓનો ભેદ બતાવી દેશો તો હું આપને સોંપી દઈશ અને આખી જીંદગી તમારો પ્રશંસક બની રહીશ.'



દરબારમાં બધાની આંખો નાના પર આવીને અટકી ગઈ. પેશવાએ નાનાને ખોળે લઈને પોતાના દિકરાની જેમ પાળેલો હતો. આ પ્રશ્ન ઘણો અઘરો હતો અને એક વખત તો નાના પણ મુંઝવણમાં પડી ગયા. સોદાગરે એ પણ કહ્યું કે, 'જો નાના એના સવાલનો જવાબ ન આપી શક્યા તો એ આખી દુનિયામાં એ વાતનો ઢંઢેરો પીટશે.'

નાનાએ આ પડકાર સ્વીકારી લીધો. તેમણે સવાલના ઉકેલ માટે થોડા દિવસનો સમય માગ્યો.





એ દિવસોમાં વરસાદનો સમય હતો. નદીના બંને કિનારા પાણીના વહેણથી ઉભરાતા હતા. વરસાદવાળા એક દિવસે, બપોરના સમયે નાનાએ સોદાગરને બંને ઘોડીઓ લઈને બોલાવ્યો, પછી આખો રસાલો નદી તરફ આગળ વધ્યો. નદીના પાણીની સપાટી ઘણી વધી ગઈ હતી. પાણી ઘણા વેગથી ધસમસતું વહી રહ્યું હતું.

'બંને ઘોડીઓને પાણીમાં જવા દો.' નાનાએ કહ્યું. 'તેમને નદીના બીજા કિનારા પર પહોંચવા દો.'

બંને ઘોડીઓને પૂર આવેલી એ નદીમાં જબરદસ્તીથી ધકેલવામાં આવી. તેમણે પહેલા તો એક બે ડૂબકીઓ લગાવી, પછી ધીરે-ધીરે સ્થિર થઈને ખભે ખભા મીલાવીને તે નદીમાં તરવા લાગી. જ્યારે તે નદીની વચ્ચે પહોંચી ત્યારે ત્યાં પાણીનો વેગ ઘણો વધારે હતો. એક ક્ષણ માટે બંને ઘોડીઓ થોડી અચકાઈ. કિનારા પર ઉભેલા લોકો એકીટશે આતુરતાપૂર્વક એ જોઈ રહ્યા હતા. ત્યારે



એક ઘોડીએ જલદી આગળ વધી રસ્તો બતાવ્યો. બીજી ઘોડી તેની પાછળ પાછળ તરવા લાગી. 'જૂઓ,' નાનાએ બૂમ પાડી. 'જે આગળ છે તે ઘોડી મા છે.બંનેમાં તે વધુ અનુભવી છે, એટલે મુશ્કેલીના સમયમાં તેણે આગેવાની કરવાનો નિર્ણય કર્યો. માની જેમ એ પોતે જોખમ ઉઠાવવા તૈયાર થઈ. જૂઓ બંને પેલી તરફ સલામત પહોંચી ગઈ છે.'





બધા હવે સોદાગર સામે જોવા લાગ્યા. 'કેમ ? '

પેશવાએ પૂછ્યું, 'શું નાનાએ ,સાચું કહ્યું ? '

''પરવરદિગાર'' સોદાગરે કહ્યું. ''આ જાતવાન જાનવર હવે તમારા છે!''



**પ્રાણીને, પંખીને હૈયું,**
**જેવું મળિયું આપણ,**
**એય આપણાં નાનાં ભાંડું,**
**સંગે ગમ્મત કરીએ.**

'છુપાયેલું રહસ્ય' એક હૃદયસ્પર્શી વાર્તા છે.

ડૉ. આલ્બર્ટ સ્વાઈટ્ઝરે કહ્યું છે, ''આજની નવી સંસ્કૃતિમાં જે મુખ્ય ક્ષતિ છે તે છે માનવતાભરી લાગણીની. આજે આપણે સૌ માનવના વિચારમાં ગરકાવ છીએ. પણ એ સાથે આપણાં અંતરની દયા, પ્રેમ વગેરે સમસ્ત પ્રાણીજીવન સુધી પહોંચવા જોઈએ. નૂતન ભાવનાનો આ મંગલદિન વહેલો આવે એ જ પ્રાર્થના.''

પંચતંત્રની વાર્તાઓ માનવ સંસ્કૃતિની મોટી મૂડી છે અને તે વાર્તાઓએ શિક્ષણનું ઘણું જ ઉમદા કામ કરેલું છે. પ્રાણીમૈત્રીના પાઠો બાળકોને આવી નાનકડી વાર્તાઓ દ્વારા શીખવાડવામાં આવે તો તેમની સંવેદનશીલતા ખીલશે અને તેમનું જીવન આંતરિક સમૃદ્ધિથી છલકતું રહેશે.

આ ચોપડીની બીજી વાર્તા માતૃપ્રેમના મહિમાનું ગૌરવગાન કરે છે.

**- શિશુ મિલાપ**